

શહેરના સેક્ટર-૨૧માં આવેલી માઉન્ટ કાર્મેલ સ્કુલ દ્વારા સ્કાઉટ-ગાઈડ કેમ્પ યોજવામાં આવ્યો હતો. જે અંતર્ગત તા. ૧૪ થી ૧૬ ફેબ્રુઆરી દરમિયાન સાસણગીર, સોમનાથ અને દીવ ખાતે તાલીમ આપવામાં આવી હતી. શાળાના બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને પ્રકૃતિના સાંનિધ્યમાં રહેવાની મજા માણી હતી. કેમ્પમાં સિસ્ટર રેણુકા, મિતેશભાઈ, દીપાબેન અને કમિશનર રતિલાલે બાળકોને પ્રોત્સાહન પુરું પાડયું હતું.

## સેક્ટર-૨૨ની આનંદવાટિકા સોસાયટીના હોદ્દેદારોની વરણી કરાઈ

ગાંધીનગર, તા. ૨૧

સેક્ટર-૨૨માં પંચદેવ મંદિર નજીક આવેલ આનંદવાટિકા



સોસાયટીની કારોબારી સમિતિની વરણી કરાઈ છે. સોસાયટીની વાર્ષિક સામાન્ય સભામાં કરાયેલી કારોબારીની નિમણૂંક મુજબ કેતન પટેલની પ્રમુખ પદે નિયુક્તી કરવામાં આવી છે. આ ઉપરાંત ઉપપ્રમુખ પદે યશવંત અમીન, મંત્રી પદે ચિરાગ ચાવડા, સહમંત્રી પદે ધવલ દવેની વરણી કરવામાં આવી છે. સોસાયટીમાં થતી નવરાત્રી ઉત્સવ માટે હરજીવન પંચાલની કોષાધ્યક્ષ તેમજ સોસાયટીના કોષાધ્યક્ષ પદે પ્રતિક શાહની નિમણુંક કરવામાં આવી છે.

## ૫૫મો મહાશિવરાત્રી મહોત્સવ ઉજવાશે

પરમ પૂજ્ય પ્રાગદાસબાપા ગોદડીયા રામવાડી જૂનાગઢ દ્વારા ૫૫મો મહાશિવરાત્રી મહોત્સવ તા. ૨૪ થી ૨૭ ફેબ્રુઆરી દરમ્યાન પ.પૂ. પ્રાગદાસબાપા ગોદડીયાની રામવાડી નં. ૧ જૂનાગઢ ખાતે યોજવામાં આવશે. લેવા કરતા આપવામાં માનનારા અને જીવનને સાર્થક કરવામાં માનનારા ગોદડીયા બાપાના પરિવારજનોના સહકારથી ભવ્યાતિભવ્ય શિવરાત્રી મહોત્સવ ઉજવવામાં આવે છે.

# ઉનાળામાં પાણીની પોકાર ડામવા તંત્રએ પૂર્વ તૈયારી આરંભી દીધી

### લીકેજીસ તેમજ ઓછા પ્રેસરની ફરિયાદો ડામવા તંત્ર કામે લાગ્યું

ગાંધીનગર, તા. ૨૧

ગરમીની ઋતુ નજીકમાં છે ત્યારે આગામી ઉનાળામાં પાણીની સંભવિત પોકાર ડામવા તંત્ર દ્વારા જૂના સેકટરોમાં પાણીની પાઈપલાઈનોનું નવીનીકરણ હાથ ધરવામાં આવ્યુંછે. અલબત્ત પાણી લીકેજ તેમજ પૂરતા પ્રેસરથી પાણી ન મળતું હોય તેવી ફરિયાદોને અનુલક્ષી તબક્કાવાર પાઈપલાઈનની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

શહેરમાં સાડા ચાર દાયકાના અંતે પણ સેકટરોમાં પાણીની પોકાર ઉઠતી રહી છે. નગરના જૂના અને નવા સેકટરોમાં પાણીની સમસ્યા હલ કરવા તંત્ર દ્વારા ગત વર્ષ દરમિયાન પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવાના પ્રોજેકટનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે. જેના પરિણામે સેકટરોમાં પાણીની સમસ્યા પ્રમાણમાં હલ થઈ છે. જયારે નવવિકસિત વિસ્તારમાં પણ સે-૫માં પાણીની નવીન ટાંકીનું નિર્માણ થયા બાદ નવા સેકટરોમાં નવી વ્યવસ્થા મુજબ પાણી સપ્લાય થાય છે. આ ઉપરાંત જૂના સેકટરોમાં પણ નવી વ્યવસ્થા મુજબ કોમન સપ્લાય આપવામાં આવે છે. આમ છતાં પાણીના મામલે આગામી ઉનાળા દરમિયાન જૂના સેકટરોમાં બૂમ ન ઉઠવા પામે તે માટે તંત્ર દ્વારા પાણી લીકેજ તેમજ ઓછા પ્રેસરની સમસ્યાઓને ડામવા પાઈપલાઈન સંબંધિત કામગીરી શરુ કરી દેવાઈ છે. સે-૨૪માં પણ પાઈપલાઈનનું જરુરી કામ ટૂંકમાં હાથ ધરાશે. આ ઉપરાંત અન્ય સેકટરોમાં પણ ફરિયાદોને ડામવા તબક્કાવાર પાઈપલાઈનનું કામ હાથ ધરાશે.

## સે-૮ ચર્ચ ખાતે રકતદાન કેમ્પ

ગાંધીનગર, તા. ૨૧

રકત એ જ જીવન છે. જીવન એ જ રકત છે અને રકતદાનથી જીવનદાન અંતર્ગત કેથોલીક ચર્ચ સે-૮ અને એમ.એ.સી.એ.એફ. ગાંધીનગરના સંયુકત ઉપક્રમે તા. ૨૩ ફેબ્રુઆરી, રવિવાર સવારે ૯-૪૫ કલાકે કેથોલીક ચર્ચ સે-૮, ગાંધીનગર ખાતે રકતદાન કેમ્પ યોજવામાં આવશે. નગરજનોએ ઉપસ્થિત રહી મોટી સંખ્યામાં રકતદાન કરવા ફાધર વેલેરીયન પરેરા અને ફાધર સિબિ. મેથ્યુએ જણાવ્યું છે.

## ભારતનો સાંસ્કૃતિક વારસો પર સાંસ્કૃતિક કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૧

જન સહાયક ટ્રસ્ટ મણિબેન હીરાલાલ અમીન વિદ્યા સંકુલ 'હીરામણી' ખાતે તા. ૨૨ ફેબ્રુઆરી સાંજે ૭-૦૦ કલાકે 'હીરામણી' કેમ્પસ ખાતે 'ભારતનો સાંસ્કૃતિક વારસો' વિષય પર વિશિષ્ટ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવશે. મોટી સંખ્યામાં વિદ્યાર્થી અને વાલીગણને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

# પાટનગર યોજનામાં એસ.ઓ.ની ઘટના પરિણામે શિરદર્દ...!!

### મેન પાવરના અભાવે કામગીરી પર વિપરિત અસર

ગાંધીનગર, તા. ૨૧

પાટનગર યોજનામાં મેન પાવરના અભાવે અધિકારીઓ માટે મોટો શિરદર્દ ઉભો થયો છે. એસ.ઓ.ની ઘટના પરિણામે મહત્વના કામોમાં વિલંબ થતો હોવાની સાથે સમગ્ર વહીવટી પ્રક્રીયા મૂર્છીત અવસ્થામાં હોય તેવી દયનીય સ્થિતિ સર્જાઈ છે. હાલ તંત્ર કક્ષાએ ૨૪ની જરૂરિયાત સામે માત્ર ૭ જ એસ.ઓ. હોવાથી સુવિધા કચેરીઓ પણ રામભરોસે છે.

નગરમાં પાણી, ગટર, રસ્તા સહીતની પાયાની સુવિધા પુરી પાડવા ઉપરાંત અનેક વિકાસ કામો પાર પાડતા પાટનગર યોજના વિભાગના તંત્રની હાલત છેલ્લા ઘણાં સમયથી કફોડી છે. વિવિધ ડીવીઝન કચેરીમાં એસ.ઓ.ના અભાવ વચ્ચે કામગીરીનો નિકાલ કરવાનું કામ વધુ મુશ્કેલ બન્યુંછે. મેન પાવરના અભાવે તંત્રની વહીવટી કામગીરી પર વિપરિત અસર થવા પામી છે. ભવનના ડીવીઝન-૧માં હાલ માત્ર ૪ એસ.ઓ.થી જ કામ ચલાવવું પડે છે. જયારે કરાર આધારિત ભરતીના અંતે પણ ઘટનો પ્રશ્ન હજુ યથાવત છે. તંત્ર પાસે પર્યાપ્ત મેન પાવર ન હોવાથી મહત્વના કામો પણ વિલંબમાં પડયા છે. જયારે નિવૃત્તિ બદલી અને બઢતીના દૌર સાથે ઘણી જગ્યાઓ પણ ચાર્જમાં હોવાથી અનેક પ્રશ્નો ઉદભવ્યા છે. આવા સંજોગોમાં સેકટરોમાં સ્થિત સુવિધા કેન્દ્રો પણ શોભાના ગાંઠીયા સમાન બન્યા છે. સુવિધા કેન્દ્રોમાં પણ મેનપાવરના અભાવે સ્થાનિક સેકટરવાસીઓની ફરિયાદો સાંભળી દરકાર લેવાની વાત વિસરાઈ છે. તંત્રમાં એસ.ઓ. સહીતની અન્ય ખાલી જગ્યાઓ સંદર્ભે મેનપાવર ઉપલબ્ધ થાય તેવો સૂર પણ ઉઠવા પામ્યો છે.

# 'ચ' અને 'ઘ' માર્ગ દર્શાવતા બોર્ડ યોગ્ય જગ્યાએ ન લગાવાતા વાહનચાલકો ફંટાયા

ગાંધીનગર, તા. ૨૧

જીવરાજ મહેતા ભવન જૂના સચિવાલયના આંતરિક રસ્તાઓને બ્લોક કરી નાખતા જાહેર જનતાને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. 'ચ' માર્ગ પર દિશા બતાવતુ બોર્ડ યોગ્ય જગ્યાએ ન લગાવતા વાહનચાલકોને ઠેર-ઠેર ભટકવુ પડે છે. યોગ્ય જગ્યાએ બોર્ડ લગાવવાની જાગૃત નાગરિકોએ માંગ કરી છે.

જૂના સચિવાલય ખાતે હાલમાં જ તંત્ર દ્વારા આંતરિક રોડને વન-વે કરવામાં આવ્યા છે. તંત્રના તઘલખી નિર્ણયથી સામાન્ય જનતાને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. દરરોજ સરકારી કામ અર્થે આવતા અનેક નાગરિકો રોષે ભરાયા છે.

તેમજ સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડનને વધુ પહોળુ બનાવવા માટે ઘ-૪ થી ચ-૪ સુધી રોડને બંધ કરવામાં આવ્યો છે. ચાલકોને પરેશાની ભોગવવી ન પડે તે માટે વૈકલ્પિક વ્યવસ્થારૂપે ટાઉનહોલ અને બીએસએનએલ આગળના રોડનો ઉપયોગ કરી શકશે.

ચ-રોડથી ઘ-રોડ જવા માટે તંત્ર દ્વારા ત્રણ ભાષામાં દિશા સૂચક બોર્ડ લગાવવામાં આવ્યા છે. ત્યારે બોર્ડ યોગ્ય જગ્યાએ ન હોવાથી નાગરિકોને ભારે હાલાકી ભોગવવી પડે છે. શહેરના જાગૃત નાગરિકોએ અનુરોધ કર્યો છે કે તંત્રએ આ બોર્ડ ઉખાડી યોગ્ય જગ્યાએ લગાવવા જોઈએ જેથી તેનો હેતુ જળવાય.



દલિત સમાજના ધર્મગુરૂ અને ઝાંઝરકાના મહંત શ્રી પૂ. શંભુનાથજી બાપુની રાજયસભાના સાંસદ તરીકે બિન હરીફ વરણી થતાં અતિ પછાત જાતિ યુવા મંચ દ્વારા તેમના સન્માન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ અવસરે સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી શ્રી રમણભાઈ વોરા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# ઘરે બેઠાં ભણો... રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલય શિક્ષણ સંસ્થાન ભણાવશે

### વર્ષે ચાર લાખ વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવે છે : પ્રવેશ માટે ઉંમર બાધ નથી કે પ્રમાણપત્રની જરૂર નથી

ગાંધીનગર, તા. ૨૧

ભારત સરકારની સ્વાયત્ત સંસ્થા રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલય સંસ્થાન એટલે કે નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઓપન સ્કૂલીંગ દ્વારા વિદ્યાર્થીઓને દૂર-શિક્ષણ પદ્ધતિના માધ્યમથી શિક્ષણ પ્રદાન કરવાનું કાર્ય કરે છે. આ પદ્ધતિ મુજબના શિક્ષણમાં વિદ્યાર્થીઓ પોતાના ઘરે રહીને જ પોતાની સગવડ મુજબ શાળા શિક્ષણ પૂર્ણ કરી શકે છે.

નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઓપન સ્કૂલીંગ દ્વારા અપાતા શિક્ષણ માટે મહત્વની બાબત એ છે કે તે માટે કોઈ ઉંમર બાધ નથી તેમજ પ્રવેશ લેવા માટે કોઈ પ્રમાણપત્રની પણ જરૂર નથી. આ સંસ્થામાં એકવાર પ્રવેશ મેળવ્યા પછી તે પાંચ વર્ષ સુધી માન્ય રહે છે. વળી આ સંસ્થામાં ફી પણ ઘણી ઓછી છે તેમજ વિદ્યાર્થીઓને કોઈ વધારી ફી વગર અધ્યયન સામગ્રી તથા અધ્યયન કેન્દ્રો પર માર્ગદર્શન વગેરે પણ આપવામાં આવે છે.

આ સંસ્થામાં વર્ષે ચાર લાખ વિદ્યાર્થીઓ પ્રવેશ લે છે. ગાંધીનગર ખાતે આ સંસ્થાનું કેન્દ્ર સેક્ટર-૧૧માં પથિકાશ્રમ નજીક આવેલ એમ.એસ. બિલ્ડીંગના સાતમા માળે આવેલ છે. વધુ માહિતી સંસ્થાની વેબસાઈટ www.niosgnr.org પરથી મળી રહે છે.

# હર હર મોદી - ઘર ઘર મોદીના નારા સાથે ગાંધીનગરના યુવાનો વિજય રેલીમાં પહોંચ્યા

ગાંધીનગર, તા. ૨૧

ભારતીય જનતા પાર્ટી મોરચા દ્વારા અમદાવાદ ખાતે વિજય બનાવવા માટે ભાજપ યુવા મોરચો કમર કસી રહ્યો છે. અમદાવાદ નવરંગપુરા સરદાર પટેલ સ્ટેડિયમ ભરાઈ જવા પામી હતી. તદ્ ઉપરાંત મોદીના પ્રસંશકોએ પોતાના વ્હીકલ સાથે સભા સ્થળે પહોંચતા જોવા મળ્યા



શંખનાદ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ગાંધીનગર મહાનગરના યુવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા. ભાજપા દ્વારા મુકવામાં આવેલ બસો ખિચોખીચ ભરાવા પામી હતી. ઉપરાંત શહેરના ૯૦૦ થી વધુ યુવાનો પોતાના વ્હીકલ લઈને સભા સ્થળે પહોંચ્યા હતા.

નરેન્દ્ર મોદીને વડાપ્રધાન ખાતે નરેન્દ્રભાઈ મોદીની જાહેરસભા યોજાઈ હતી. સમગ્ર રાજ્ય અને આંતર રાજ્યના યુવાનો જોડાયા હતા.

ગાંધીનગર મહાનગર યુવા મોરચો અધ્યક્ષ પદમસિંહ ચૌહાણની આગેવાનીમાં મોટી સંખ્યામાં યુવાનો જોડાયા હતા. ભાજપ દ્વારા મુકવામાં આવેલી એસ.ટી. બસો ખીચો-ખીચ હતા.

ગાંધીનગરના ઈતિહાસમાં પદમસિંહની આગેવાનીમાં ઉત્સાહપૂર્વક યુવાનો જોડાયા હતા. હર હર મોદી- ઘર ઘર મોદીના નારા સાથે યુવાનોએ સભા સ્થળે પહોંચ્યા હતા. અન્ય જિલ્લાના યુવાનો કરતા ગાંધીનગરના યુવાનોની સંખ્યા વધુ જણાઈ હતી.

# આવતીકાલે સફાઈ અભિયાન દ્વારા બાબા હરદેવસિંહજીના જન્મ દિવસની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરના સંત નિરંકારી મંડળ દ્વારા આગામી તા. ૨૩ ફેબ્રુઆરી રવિવારે નિરંકારી મિશનના બાબા હરદેવસિંહજી મહારાજની જન્મદિનની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉજવણીમાં વિવિધ ધાર્મિક સત્સંગ અને સાંસ્કૃતિક કાર્યક્રમની સાથે સાથે સફાઈ અભિયાન પણ હાથ ધરવામાં આવનાર છે.

સંત નિરંકારી મિશનના ગુરૂ બાબા હરદેવસિંહજી મહારાજના જન્મ દિવસની ઉજવણી દરવર્ષે સંત નિરંકારી મંડળ દ્વારા કરાય છે. આ વર્ષે આ ઉજવણીની શરૂઆત સવારે ૬ થી ૮ વાગ્યા દરમ્યાન ગાંધીનગરના પથિકાશ્રમ પાસે સફાઈ અભિયાન દ્વારા કરાશે. આ અભિયાનમાં બાળકો, સ્ત્રીઓ, પુરુષોથી માંડીને વડીલો પણ જોડાશે. તેમજ ગાંધીનગરના



સ્વચ્છતાપ્રેમી તેમજ ધર્મપ્રેમી નગરજનોને પણ આ અભિયાનમાં જોડાવા મંડળ દ્વારા હાંકલ કરાઈ છે.

સવારે સફાઈ અભિયાન પૂર્ણ થયા બાદ સવારના ૧૦ થી બપોરના ૧ વાગ્યા દરમ્યાન સત્સંગ તેમજ બાળકોના રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ સેકટર-૩૦ના ચીપટાઈપ શોપીંગ નજીક આવેલ શાંતિવન સોસાયટી સામેના સંત નિરંકારી ભવન ખાતે યોજાશે. અત્રે ઉલ્લેખનીય છે કે આ સંત નિરંકારી ભવન ખાતે એક લાયબ્રેરી પણ વિકસાવવામાં આવેલ છે. જેમાં વિવિધ ધર્મના આધ્યાત્મિક પુસ્તકો રાખવામાં આવ્યા છે. જેનો લાભ નગરજનો કોઈપણ જાતના જ્ઞાતિ-જાતિ બાધ કે ઉંમરના બાધ વગર લઈ શકે છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૦૯

સૂર્યાસ્ત : ૬.૩૭

## તાપમાન

મહત્તમ : ૨૮.૬ ડિ.સે.

લઘુત્તમ : ૧૮.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૫ ટકા ● સાંજે ૪૭ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

ગુંડે : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૧૦, ૭.૨૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

ગુંડે: ૯.૦૦, ૧૨.૦૦, ૩.૧૦, ૬.૨૦, ૯.૩૦

: સ્ક્રીન-૩ :

રોબોકોપ (હિન્દી) : ૯.૦૦, ૨.૩૦, ૧૧.૦૦

ગુંડે : ૧૧.૩૦, ૫.૦૦, ૮.૦૦

: સ્ક્રીન-૪ :

હસી તો ફસી : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૯.૩૦

રોબોકોપ (હિન્દી) : ૭.૦૦

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :

ગુંડે : ૯.૧૫, ૧૨.૧૫, ૩.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :

હસીના માન જાયેગી : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

જય હો : ૬.૪૫

: સ્ક્રીન-૩ :

ગુંડે : ૧૦.૧૫, ૧.૧૫, ૬.૧૫, ૯.૧૫

### સૂર્યા, વાવોલ

ગુંડે : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

હસી તો ફસી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

હાઈવે : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

ગુંડે : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫

ડર ધી મોલ : ૧.૧૫, ૭.૧૫

: સ્ક્રીન-૩ :

ડર ધી મેલ : ૧૦.૦૦, ૭.૧૫

ગુંડે : ૧.૦૦, ૭.૦૦

સેટરડે નાઈટ : ૪.૦૦

### ચિરાગ સિનેમા(કલોલ)

ગુંડે : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### સાંસ્કૃતિક

- ગાંધીનગર કલ્ચરલ ફોરમ અને સહયોગી સંસ્થાઓના સહકારથી ગાંધીનગરની શ્રેષ્ઠ શાળા-મહાશાળાઓની સર્વશ્રેષ્ઠ નૃત્ય કૃતિઓની પ્રસ્તુતિ કરતો કાર્યક્રમ રાત્રે ૮.૦૦ કલાકે, કલ્ચરલ ફોરમ ગરબા ગ્રાઉન્ડ, ગાંધીનગર ખાતે યોજાશે.

## આપની આજ

**મેષ** : તમારી વિવેકની વિપરીત કાર્ય થવાની હાની થઈ શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. શારીરિક પીડામાંથી રાહત મેળવી શકાય.

**વૃષભ** : પ્રિય વ્યક્તિથી મુલાકાત થશે. સંતાનની સ્થિતિમાં સુધારની સંભાવના છે. જમીન- મકાનની ખરીદી થઈ શકે છએ. આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે.

**મિથુન** : કાર્યોમાં નવીન સમસ્યા આવશે, જેથી ધૈર્ય અત્યંત જરૂરી છે. વાહન -જમીન- મકાનનાં પ્રશ્નોનો ઉકેલ આવી શકે છે. ભાગ્યોદયની તક મળી શકે છે. યાત્રા- પ્રવાસનું આયોજન લાભદાયી રહે.

**કર્ક** : ઉચ્ચ સ્તરીય કલ્પનાઓમાં સમય પસાર થશે. માનસિક ચિંતા હળવી બનતી જણાય. રાજકીય ક્ષેત્રે પદ- પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. સાવધાન રહેવું. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી.

**સિંહ** : મનમાં ઉલ્લાસ અને જોશ રહેશે, જે તમારા વેપારને નવી ગતિ પ્રદાન કરશે. સંઘર્ષ ટાળવો. નાણાંકીય મુશ્કેલીઓ દૂર થતી જણાય. ભાગ્યોદયનો સાથ મળી રહે.

**કન્યા** : કૌટુંબિક વિખવાદોનો અંત આવતો જણાય. રોકાયેલા નાણાં પરત મળી શકે છે. આકસ્મિક ધન લાભ થઈ શકે છે. અકંદરે સમય સાનુકૂળ રહે.

**તુલા** : નાણાકીય સ્થિતિ મજબૂત બનતી જણાય. માનસિક ચિંતા હળવી બનતી જણાય. વાહન -જમીનનાં પ્રશ્નોનું નિરાકણ થઈ શકે છે. સમય શુભ.

**વૃશ્ચિક** : સંતાન સંબંધી પ્રશ્નોનનો ઉકેલ આવી શકે છે. આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે. વેપાર અર્થે થયેલો પ્રવાસ લાભદાયી સાબિત થઈ શકે છે.

**ધન** : સ્નેહી- મિત્રજનો સાથે યાત્રા -પ્રવાસનું આયોજન થઈ શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. દિવસ આનંદમય રીતે પસાર થાય.

**મકર** : માંગલિક પ્રસંગોમાં ભાગ લેવાનું થઈ શકે છે. સ્થાવર મિલકતની ખરીદી થઈ શકે છે. વેપાર અર્થે નવા રોકાણો થઈ શકે છે.

**કુંભ** : રાજકીય ક્ષેત્રે પદ- પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. આવકના સ્ત્રોતમાં વધારો થઈ શકે છે. કાર્યક્ષેત્રમાં સમય પ્રગતિદાયક બની રહે.

**મીન** : તમારી બુદ્ધિ અને તર્કથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના છે. આર્થિક સ્થિતિમાં સુધારો થતો જણાય. વિદેશથી શુભ સમાચાર મળી શકે છે.

## ચિરવિદાય

- સ્વ. રણજીતભાઈ કેશાજી ડાભી (ઉ.વ. ૪૫) આદિવાડા, સેક્ટર-૨૮, ગાંધીનગર.
- સ્વ. રોહિતજી શીરાજી સોલંકી (ઉ.વ. ૩૫) મુ.પો. આલમપુર, તા. જિ. ગાંધીનગર.
- સ્વ. પુષ્પાબેન જયંતિલાલ ગજ્જર (ઉ.વ. ૭૨) એમ-૨૧/૨૪૪, સેક્ટર-૧૪, ગાંધીનગર.
- સ્વ. વર્ષાબેન ઠાકોરભાઈ પટેલ(ઉ.વ. ૬૫)બ્લોક નં. ૬૭/૧, સેક્ટર-૩/એ, ગાંધીનગર.
- સ્વ. શારદાબેન અરવિંદકુમાર તડુક (ઉ.વ. ૫૩) ૧૧, સનરાઈઝ બંગ્લોઝ, મુ.પો. કુડાસણ, તા., જિ. ગાંધીનગર.